# જાહેરાતનો નમૂનો

"જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)" અને "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા અંગે.

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિક્સ મહેનતાણું | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન સહાયક (પ્રાથમિક) | રૂા.૨૧,000/- | ૪૦ વર્ષ |
| ૨ | જ્ઞાન સહાયક ( માધ્યમિક) | રૂા.૨૪,000/- | ૪૫ વર્ષ |
| ૩ | જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) | રૂા.૨૬,000/- | ૪૫ વર્ષ |

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની **સરકારી પ્રાથમિક શાળાઓ તથા સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા કમિશનરશ્રી આદિજાતિ વિકાસ કચેરી તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ કચેરી હસ્તકની ગુજરાત રાજયની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમશાળાઓ) તથા માધ્યમિક શાળાઓમાં** "જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)" અને "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજી ઓ મંગાવવામાં આવે છે.

ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા **ઓન-લાઇન અરજી કરવાની તારીખ** સુધીની રહેશે.

ઉમેદવારે માટે નીચે જણાવેલ વેબસાઇટ પર જઇ ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

**જ્ઞાન સહાયક પ્રાથમિક માટે લિંક:** https://pregyansahayak.ssgujarat.org/

**જ્ઞાન સહાયક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટે લિંક :** https://gyansahayak.ssgujarat.org/

ઓન-લાઇન અરજી કરવાની તારીખ: ૦૨/૧૨/૨૦૨૫ સોમવાર (૧૪:૦૦ કલાક થી શરૂ)
ઓન-લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ: ૧૨/૧૨/૨૦૨૫ બુધવાર (૨૩:૫૯ કલાક સુધી)

સહી/-
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમીક્ષા કેન્દ્ર સેકટર-૧૯, ગાંધીનગર